GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 5
September-October: 2026

ગુજરાતી સાહિત્યમાં કવિ રમેશ પારેખની ગીત ગાનની શ્રેષ્ઠ રચનાઓ

ડૉ. નરેન્દ્રકુમાર જી. નાયી
એસ.એસ. પટેલ ઓફ કોલેજ એજયુકેશન,
કડી કેમ્પસ, સેકટર-૨૩, ગાંધીનગર
મો. ૯૮૨૪૯ ૪૮૯૪૭
E-mail :narendrabhainayee@gmail.com

પ્રસ્તાવના :

શહેરીકરણ, નગરજીવન, યંત્રસભ્યતા અને ઔધોગિક ક્રાન્તિનો પ્રભાવ સ્વાતંત્યોતર ગુજરાતી કવિતાના અંતરંગ તેમજ બહિરંગ બંનેને બદલે છે. ગાંધીયુગમાં ગાંધીપ્રેરિત મૂલ્યો અને ભાવનાઓને એ યુગના કવિઓએ બુલંદ કંઠે હરખભેર ગાઈ હતી. પરંતુ આઝાદી મળ્યા પછી, મહાત્મા ગાંધીજીની કરપીણ હત્યાબાદ દેશની પ્રજા આઘાતથી હુતબુધ્ધિત બની જાય છે. રામરાજયની જે કલ્પના સેવી હતી, એ આઝાદી મળ્યા પછી ફળીભૂત થતી નથી. બીજી તરફ લોકશાહી અને સ્વાધીન રાજયતંત્ર મળ્યું, પણ અંગ્રેજો દેશને પાયમાલ કરી ગયા હતા. વિકાસ માટે યથાશક્તિ પગલાં લેવાનાં શરૂ થયાં, ઉદ્યોગો વિકસ્યા, નગરો વસ્યા અને વધ્યાં, માનવી નગરજીવનની ભીડમાં ખોવાતો ગયો. આ સમયે એકંદરે કવિઓનો ગીતકવિતા સાથેનો નાતો કે લગાવ અને તેમને માનેલી રસિકજનોની અને આમજનોની માન્યતાઓને આદર કર્યો છે.ગીતનો એક નાતો તેની ભાવવાહિતા, સુગેયતા, સુગંધતા, મધૂરતા, સુંદરતા, લય-બંધની ચુસ્તી અને

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 5
September-October: 2026

તેની બાની એટલે ભાષા-ભાત સાથે પણ રહ્યો છે. તે વાત ખાસ ધ્યાનમાં રહી છે.કવિશ્રી રમેશ પારેખ ની ગીત રચનાઓ જોઈએ તો -

પોતાની આગવી મુદ્રા ધરાવતા રમેશ પારેખનો પ્રથમ કાવ્યસંગ્રહ 'કયાં' ૧૯૭૦ માં મળ્યો. એ પછી તો એમની કાવ્યસંહિતા વહેતી જ રહી. તેમનો બીજો કાવ્યંસંગ્રહ 'તત્વ' (૧૯૮૦), 'સનનન' (૧૯૮૧), 'ખમ્મા આલા બાપુને' જેવા સંગ્રહો મળ્યા. ૧૯૮૬ માં અધ્યાત્મભાવનાં કાવ્યો 'મીરાં સામે પાર' માં પ્રગટ થયા. જેમાં કવિના નવા ચહેરાનો ઉઘાડ થયો. એ પછી 'વિતાન સુદ બીજ' ૧૯૮૯ માં અને ૧૯૯૧ માં 'અહીંથી અંત તરફ' કાવ્ય સંગ્રહો પ્રગટ થયા. ૧૯૭૦-૧૯૯૧ સુધી ના તેમના બધા જ સંગ્રહોનું સંકલન કરીને ૧૯૯૧ માં 'છ' અક્ષરનું નામ' એ નામે એમની સમગ્ર કવિતાનો સંગ્રહ પ્રગટ થયો છે એ પછી પણ મેની કાવ્યયાત્રા ચાલુ રહી ૧૯૯૮ માં 'છાતીમાં બારસાખ', ૧૯૯૯માં 'ચશ્માના કાચ પર' અને૨૦૦૨ માં 'સ્વગતપર્વ' સંગ્રહો પ્રકાશિત થયા.

આ ઉપરાંત ૧૯૭૯ માં 'હાઉક' અને ૧૯૮૦ માં 'ચી.' અને ૧૯૮૮ માં 'દરિયો ઝુલ્લમ ઝુલ્લા' વગેરે બાળકાવ્યોનાસંગ્રહો પ્રગટ થાય. એ સાથે બાળવાર્તાઓ, ટૂંકી વાર્તાઓ, નાટક, ચિંતન, કાવ્યાસ્વાદ તેમજ કેટલાંક સંપાદનો પણ તેમની પાસેથી મળ્યા છે.

રમેશ પારેખે ગીત, ગઝલ, છાંદસ-અછાંદસ તથા માત્રામેળ છંદોમાં રચનાઓ કરી છે. પરંતુ તેમનું મહત્વનું પ્રદાન ગીતોમાં છે. જેના કારણે તેઓ ગીતકવિ તરીકે પ્રસિધ્ધિ પામ્યા છે. ભાવ, ભાષા અને ધારદાર અભિવ્યક્તિની નવીનતા, નીરૂપણરીતિ તેમની કવિતાની વિશેષતા છે. તેમના ગીતોમાં આવેગ, વેધકતા, ચિત્રાત્મકતા, , કલ્પનાલીલા તથા વિવિધ લયઢાળ નોંધપાત્ર છે.

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 5
September-October: 2026

“ધાણીફૂટ કાઠિયાવાડી બોલતી બાને રમેશ ધાવ્યો છે. કાન થકી, આંખ થકી ધાવ્યો છે શબ્દને, ભાષાને, લોકબોલીને, લોકગીતોને લોક સંસ્કૃતિને આથી આ બધું એમના લોહીમાં છે. આથી ‘’લોકગીતો-લોકસંસ્કૃતિ-લય-કાકુ-લહેકા-લહેજા--બધું એમની સ્વયંસિધ્ધિ છે. પોતાની ભીતરના દરિયામાં એમણે મરજીવાની જેમ વારંવાર ડૂબકીઓ મારી છે ને મૂઠા ભરી ભરીને કંઈ ને કંઈ લઈ આવ્યા છે.”

રમેશ પારેખનું અત્યંત જાણીતું ગીત :

‘ ગોરમાને પાંચ આંગળીએ પૂજાયં ને નાગલા ઓછા પડ્યા રે લોલ

કમ્મખુ દોશો ભરીને કાંઈ ટાકયાં ને આભલાં ઓછાં પડયાં રે લોલ

માંડવે મ્હેક જૂઈની વેલ કે જૂઈના, રેલા દડે રે લોલ

સૈ, મારે નેવાંનું હારબંધ ટોળું કે સામટું મોભે ચડે રે લોલ’

કોડલી કન્યાના મુગ્ધહૃદયના ભાવોને લોકગીતના ઢાળમાં લોકસંસ્કૃતિનાં પ્રતિકો અને લોકવાયકાઓના આધાર સાથે રજૂ કર્યા છે. ઝંખના, સ્વપ્ન, પ્રતિક્ષા, ભણકારા વગેરેના સરસ ભાવચિત્રો આલેખ્યાં છે. આંગણે પાંગરેલી નાગરવેલનાં પાંદડા તૂટવાં, ઓરડા ઠેસે ચડવા વગેરેમાં રાહ જોઈને થાકેલી કન્યાના હૃદયની આંતર વ્યથા તીવ્રતાથી વ્યક્ત થઈ છે.

ભાવવૈધવિધ્ય અને ભાષાવૈવિધ્ય ધરાવતાં અનેક ગીતો રમેશ પારેખ પાસેથી મળ્યાં છે.

‘લાવો, લાવો, કાગળિયો ને દોત સોનલદેને લખીએ રે

કાંઈ ટેરવામાં તલપે કપોત સોનલદેને લખીએ રે !’

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 5
September-October: 2026

સોનલ વિના કાવ્યનાયકની કેવી સ્થિતિ છે એ પત્ર લખીને જણાવતાં નાયકની વિરહવેદના, ઝંખના, ભાતીગળ પ્રતિકો દ્વારા વ્યક્ત થાય છે.

'વેગી વન વન ઊડતા વંટોળને વાવડ પૂછીએ રે
કેમ ભભકતા લાલ હિંગળોકના થાપા લૂછીએ રે !'

તો પ્રિયતમને મળવાના સપનાંઓ જોતી મુગ્ધાના ભાવોમાં ઉમળકો અને ઉલ્લાસ તો જુઓ.

સખીરી, હવે આંખોનું નામ નહીં આંખો
આંખો તો મોગરાની ડાળીનું નામ
એને શમણું જોયાનું ફૂલ ઝુલે
રૂવેરૂવામાં પડે મ્હેકતી સવાર
જયારે પાંપણની પાંદડીઓ ખૂલે

પલાશના વૃષને પ્રથમ વરસાદનો જે આહ્લાદક અનુભવ કાવ્યનાયકને પ્રથમ વર્ષા સમી પ્રિયાના આગમનથી થયો છે. એટલે જ તો કવિને આ ચોમાસું સાચવી રાખવું છે, વાવવું છે.

' લીંબોળી વાવીને છાંયડા ઉછેરૂં પણ ચોમસું કેમ કરી વાવવું ?
ફાગણની કાળઝાળ સુક્કી વેળામાં તારૂં પહેલા વરસાદ સમું આવવું
હવે આંખોને કેમ રે ભુલાવવું ? '

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 5
September-October: 2026

બીજી બાજુ ધોધમાર વરસાદ, પ્રીયજન મળવાની તીવ્ર ઝંખના, હૈયાની વ્યાકુળતા અને પ્રણયવર્ષાનું સાયુજ્ય પ્રગટ કરતું ખૂબ જાતીનું ગીત 'વરસાદ ભીંજવે'

' આકળવિકળ આંખકાન વરસાદ ભીંજવે,

હાલકડોલક ભાનસાન વરસાદ ભીંજવે.'

આકાશમાં સોળ કળાએ ખીલ્યું છે. કયાંય છાલક કે છાંટ નથી. પણ દરિયા ઊભા ફાટયા છે, કવિની કલ્પના તો જુઓ :

'ઘરમાંથી તોતિંગ ઓરડા ફાળ મારતા છૂટયા રે વરસાદ ભીંજવે,

ધૂળ લવકતા રસ્તા ખળખળ વળાંક ખાતા ખૂટયા રે વરસાદ ભીંજવે.

બંધ હોઠમાં સોળ વરસની કન્યા આળર મરડે રે વરસાદ ભીંજવે,

લીલોધમ્મર નાગ જીવને અનરાધારે કરડે રે વરસાદ ભીંજવે. '

' અહીં આપણે બે અને વરસાદ ભીંજવે,

મને ભીંજવે તું તને વરસાદ ભીંજવે. '

પરોઢિયે પ્રકૃતિને નિહાળતા કવિ ઉલ્લાસભેર નાચી ઊઠેલા હૈયાના ભાવોને લયહિલ્લોળ સાથે અભિવ્યક્ત કરતા સુંદર તરલ - ગતિશીલ ચિત્રો આલેખે છે.

આ ઝાકળના ઝબકારા ઝાલી ઘાસ ફરે મેદાન વચ્ચે હેલ્લારો

આ સવારના રેલાઓ લૈ ટેકરીઓ દોડે પાન વચ્ચે હેલ્લારો

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 5
September-October: 2026

‘આ ઈત્તો ઈત્તો હેલ્લારો

આ ચાંપપલીતો હેલ્લારો ’

‘તમને ફૂલ દીધાંનું યાદ’, ‘એક પ્રશ્નગીત’,’હેલ્લારો’ જેવા વૈવિધ્યસભર ગીતો રમેશ પારેખ પાસેથી મળ્યાં છે. તો અધ્યાત્મભાવને નિરૂપતાં ગીતો પણ તેમને આપ્યાં છે. મીરાં અને કૃષ્ણના અનુરાગને વ્યક્ત કરતાં ગીતો જેવાં કે ‘મારાં સપનામાં આવ્યા હરિ’, ‘-- કે કાગળ હરિ લખે તો બને,’,’હરિએ દઈ દીધો હરિવટો’ વગેરે. કૃષ્ણમાં લીન થયેલાં મીરાં મેવાડ છોડીને ચાલી જશે ત્યાર પછી રાણાની અને મેવાડની શી દશા થશે. એ ખૂબ ધારદાર રીતે કવિ વર્ણવે છે.

ગઢને હોંકારો તો કાંગરાય દેશે’

પણ ગઢમાં હોંકારો કોણ દેશે ?

રાણાજી, તને ઉંબરે હોંકારો કોણ દેશે ?

આઠે અકબંધ તારા ભીડયા દરવાજાનાં ફૂલ જેમ ખૂલશે કમાડ

વેગીલી સાંઢણીઓ વહી જાશે દૂર મૂકી ધૂળ મહીં ઊડતો મેવાડ

‘મીરાં વિનાનું સુખ ઘેરી વળશે ને રાજ, રૂંવે રૂંવેથી તને તોડશે

હવે તારો મેવાડ મીરાં છોડશે....

કવિની ગીત - પ્રતિભાનો લાભ એમની ગઝલોને પણ મળ્યો છે. એમની ગઝલોમાં ભાષાની સાદગી અને લયની પ્રવાહિતા ધ્યાનાકર્ષક છે. તેમની પાસેથી ‘તમને’, ‘આ શહેર....’, ‘કાગડો

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 5
September-October: 2026

મરી ગયો',' 'રમેશમાં','ન થયાં','હસ્તાયણ','પિવડાવવો છે જામ ?' જેવી તાજગીભર ગઝલો મળી છે. કેટલાંક ઉદાહરણો જોઈએ.

બંધ પરબીડીયામાંથી મરણ મળે તમને,

બચી શકાય તો બચવાની ક્ષણ મળે તમને.

આ શહેર તમારા મનસૂબા ઉથલાવી દે, કહેવાય નહીં

આ ચહેરા પર બીજો ચહેરો ચિપકાવી દે, કહેવાય નહીં.

શોધું છું પણ રમેશ મળે કયાં રમેશમાં,

મળતા નથી રમેશના રસ્તા રમેશમાં

આજ વરસાદ નથી એમ ના કહેવાય, રમેશ,

એમ કહીએ કે હશે, આપણે ભીના ન થયા.

પાત્રો, પ્રતિકો, પ્રતિરૂપોના અવલંબન લઈને આંતરજીવન અને જાહેરજીવનના બેહૂદાપણાને, વિષમતાને વ્યક્ત કરતી રચનાઓ પણ રમેશ પારેખ પાસેથી મળી છે. જેમ કે, "ભીંડી બજારમાં" કાવ્યમાં જીવન અને જગતના અનુભવોને વ્યંગ, વિનોદ અને વિડંબના દ્વારા રજૂ કર્યો છે. તો 'રંગલીવિલાપ-૨' માં રંગલા-રંગલીના પાત્રો દ્વારા હસતા હસતા જીવનની વિષમતાઓ, ઘેરી કરૂણતા અને વિષાદનું આલેખન કર્યું છે. 'પ્રાણજીવન હરજીવન મોદી' માં કોર્ટના વાતાવરણને નાટયાત્મક રીતે તેમજ સરકારીતંત્ર અને જાહેરજીવનની વિષમતાઓને હળવી શૈલીમાં વિડંબના પૂર્વક નિરૂપી છે.

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 5
September-October: 2026

જયારે ‘રાણી સોનાંદેનું મરશિયું’ માં પતિની અરથી પાછળ રડતી જતી નાયિકાની હૈયાફાટ વેદનાને નિરૂપી છે. મરશિયાના લયમાં લખાયેલી આ રચના વિશિષ્ટ છે.

દીર્ઘકાવ્ય ‘લાખા સરખી વાતા’ માં કાવ્યનાયકના મનમાં બાલ્યાવસ્થામાં વિસ્મયથી જોયેલું વિશ્વ સ્મૃતિપટ પર અંકાયેલું છે. એ બધું જ કાવ્યનાયકને ઘેરી વળે છે અને કૌતુકરંગે રંગાઈને ‘સેંજળ તળાવ’ માં ડૂબકી મારીને આવે છે. લાખો વણઝારો, પદમણી અને અસામાન્ય કપોલકલ્પિત સમળી. પદમણી ને સમળીની ‘સોનેરી મોતેરી’ ચામડી જોઈએ છે નાયકને પદમણી જોઈએ છે. નાયક સમળી સાથે યુધ્ધે ચડીને મૃત્યુ પામે છે -- એ જ લાખા વણઝારાનો રઝળપાટ આ કાવ્યમાં રમેશ પારેખની સંવેદનશક્તિ અને કવિત્વશક્તિનો વિશેષ ઉન્મેષ પ્રગટે છે.

રમેશ પારેખે ‘આલા ખાચર’ શ્રેણીનાં વિશિષ્ટ પ્રકારનાં કાવ્યો થી ગુજરાતી ગીતગાન કવિતાને સમૃધ્ધ કરી છે. ‘આલબાપુ આવ્યા છે.’ અને ‘બાપુ ધગી ગયા’ માં રજવાડું ગયા પછી બાપુના ઠાઠ રહ્યા નથી. પરંતુ એ ખાલીપો ઢાંકતા તોરતરીકાથી બાપુની કંગાલિયત છતી થાય છે. રાજ-રજવાડા ગયા પછી આલા ખાચરની સવાર કેવી પડે છે તેનું ચિત્રાત્મક વર્ણન ‘આલા ખાચારની સવારમાં’ કવિએ કર્યું છે. આ પ્રકારના કાવ્યોમાં વ્યંગ, વિનોદ અને હળવાશ સાથે ઘેરો કરૂણરસ વહે છે.

લયની લીલાના રાજવી ઊર્મિકવિ રમેશ પારેખના ગીતો, ગઝલો ગુજરાતના કંઠે હંમેશને માટે ગવાતા રહેશું.

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 5
September-October: 2026

સંદર્ભસૂચિ :

(૧) છ અક્ષરનું નામ ; રમેશ પારેખ ; પ્રવીણ પ્રકાશન , વેરાવળ

(૨) કાવ્ય આચમન શ્રેણી ; ઊર્મિલા ઠાકર , નવભારત સાહિત્ય , અમદાવાદ

(૩) રમેશ પારેખનું કાવ્ય સાહિત્ય; સાંડપા ક્રિષ્ના, નવભારત સાહિત્યમંદિર, અમદાવાદ

(૪) ચપટી વગાડતાં આવડી ગઈ ; રમેશ પારેખ, પ્રવિણ પ્રકાશન, રાજકોટ